અપીલ અરજી નં.૧૭૧ તા.૨–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કમલેશ એમ. ચોડવડીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ એમ. ચોડવડીયાની તા.૩૦–૭–૦૯ ની અરજીથી તા.૧–૧–૦૫ થી તા.૧૮–૮–૦૭ સુધીમાં વરાછાઝોનમાં કેટલા બિનકાયદેસર બાંધકામ થયા તેની આંકડા સાથે માહિતી ઉપરોકત તારીખ મુજબ કેટલા ગેરકાયદેસર બાંધકામ ડિમોલેશન કર્યા? કેટલી પેનલ્ટી વસુલ કરવામાં આવેલ છે? વિ. મુદ્દા નં.૨.૧ થી ૨.૧૯ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૧/૨૦૦૯–૧૦

શ્રી કમલેશ એમ. ચોડવડીયાની તા.૩૦–૭–૦૯ ની અરજીથી તા.૧–૧–૦૫ થી તા.૧૮–૮–૦૭ સુધીમાં વરાછાઝોનમાં કેટલા બિનકાયદેસર બાંધકામ થયા તેની આંકડા સાથે માહિતી ઉપરોકત તારીખ મુજબ કેટલા ગેરકાયદેસર બાંધકામ ડિમોલેશન કર્યા? કેટલી પેનલ્ટી વસુલ કરવામાં આવેલ છે? વિ. મુદ્દા નં.૨.૧ થી ૨.૧૯ અંગે માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પત્યુત્તર ન મળેલ હોવાનુ જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૭ તા.૧૦–૯–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૭૭ તા.૧૮–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૩૦–૭–૦૯ ની અરજીથી તા.૧–૧–૦૫ થી તા.૧૮–૮–૦૭ સુધીમાં વરાછાઝોનમાં કેટલા બિનકાયદેસર બાંધકામ થયા તેની આંકડા સાથે માહિતી ઉપરોકત તારીખ મુજબ કેટલા ગેરકાયદેસર બાંધકામ ડિમોલેશન કર્યા? કેટલી પેનલ્ટી વસુલ કરવામાં આવેલ છે? વિ. મુદ્દા નં.૨.૧ થી ૨.૧૯ અંગે માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૭૭ તા.૨૯–૮–૦૯ થી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં ૨.૧ માં ગેરકાયદેસર બાંધકામ અંગેના પત્રક 'અ' પાના નં.૧ થી ૮ ના રૂા.૧૬–/ ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. મુદ્દા નં.૨.૨ ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૩૫૦ બાંધકામ દુર કરવામાં આવેલ છે અને રૂા.૧૮,૯૮,૫૦૦ /– ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવે છે. ૨.૩ માં રેકર્ડ ઉપલબ્ધ નથી. આરટીઆઈના કાયદા હેઠળ સ્થળ સ્થિતિના સર્વે કરવાની જોગવાઈ નથી. ૨.૪ માં બાંધકામ કરનાર શખ્સ/બિલ્ડર/મિલ્કતદાર પ્રથમ ગુનેગાર હોય છે. ત્યાર બાદ પૂર્ણ તપાસ બાદ તેને સબંધિત અધિકારીશ્રીની જવાબદારી નકકી કરવામાં આવે છે. ૨.૫ ૮૧ વાર રોડ તોડવામાં આવેલ છે જે રોડ સુમપા ધ્વારા બનાવવામાં આવેલછે. જેના પત્રકની નકલ રૂા.૨૪– જમાં કરાવ્યેથી મળી શકશે. ૨.૬ ઝોનલ ઓફિસર તરીકે શ્રી બી.આઈ. દલાલ તા.૨૦–૯–૦૭ ના રોજ ફરજ ઉપર હાજર થયા અને ડી એમ. જરીવાલા તા.૮–૪–૦૮ ના રોજ થી ફરજ પર હાજર થયા હતાં. ૨.૭ ડીમોલીશન ચાર્જ ે રૂા.૧૮,૯૮,૫૦૦ /– વસુલ લેવામાં આવેલ છે. જેની નકલ રૂા.૧૯૨/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. ૨.૮ માં માહિતી રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી. ૨.૯ તા.૨૪–૮–૦૯ ના રોજ મધ્યસ્થ મહેકમ મુગલીસરાને અરજી તબદીલ કરેલ.૨.૧૦ માં માહિતી રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી ૨.૧૧માં માહિતી રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી ૨.૧૨ માં માહિતી રેકર્ડ ઉપલબ્ધ ન હોય આપવાની રહેતી નથી. મુદ્દા નં.૨.૧૩ શ્રી જે કે શાહ રજા પર હતાં તે સિવાયના દિવસોમાં તેમની ફરજ ઉપર હાજર હતાં. તા.૨૦–૯–૦૭ થી શ્રી જે કે. શાહની બદલી હાઈડ્રોલીક વિભાગમાં થઈ હતી. તેમની રજા અંગેનું માહિતી પત્રક પાના નં.૧ રૂા.૨/– ભર્યે મળી શકશે. ૨.૧૪ ગેરકાયદેર બાંધકામની માહિતી રજીસ્ટરમાં રાખવામાં આવે છે. જે રજીસ્ટર સબંધિત આસી. ઈજનેર/જુની. ઈજનેર પાસે હોય છે તેની છેડછાડ થાય તેની તપાસ થાય ત્યાર બાદ કસુરવાર જણાય તેની જવાબદારી નકકી થાય છે. ૨.૧૫ ગેરકાયદેસર બાંધકામ દુર કરતી વખતે બીપીએમસી એકટની કલમ–૩૮૭ પ્રમાણે નોટીસ પર કાર્યપાલક ઈજનેરની સહી લેવામાં આવે છે. ૨.૧૬ ઝોનલ ઓફિસર સામે કોઈ તપાસ કરવાની હોય તો મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા (ખાતાકીય તપાસ) કરવામાં આવે છે. જેથી તા.૨૪–૮–૦૯ ના રોજ અરજી મધ્યસ્થ મહેકમમાં તબદીલ કરેલ છે. ૨.૧૭ પરિપત્રની નકલ રૂા.૬/– ભરપાઈ કર્યે આપવામાં આવશે. ૨.૧૮ હાલમાં ઝોનલ ઓફિસર બી.આઈ. દલાલ તથા શ્રી ડી એમ. જરીવાલા છે સદર મુદ્દા માટે તા.૨૪–૮–૦૯ ના રોજ મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવે છે. ૨.૧૯ ઝોનલ ઓફિસરોને જવાદારી મ્યુ કમિશનરશ્રી ધ્વારા ડેલીગેશન ઓફ પાવર આપવામાં આવે છે. તે મુજબની જવાબદારી હોય છે. જેની નકલ રૂા.૯૬/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. તેવું જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં જવાબ ન મળવાની રજૂઆત કરેલ.

ઉપરોકત હકીકત જોતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૨.૪ કયા અધિકારીની જવાબદારીથી બાંધકામ કરવામાં આવેલ છે, ૨.૬ આજ દિન સુધી ઈસ્ટઝોનમાં થયેલ બાંધકામના નામ સરનામાંની માહિતી, ૨.૯ જે. કે. શાહની પગારની વિગત, ૨.૧૦ ઝોનલ ઓફિસરની નોકરી દરમ્યાન કરેલ ડીમોલીશનની સ્થળ તપાસની માહિતી, ૨.૧૬ ઝોનલ ઓફિસર સામે ખાતાકીય કાર્યવાહીની માહિતી તથા ૨.૧૮ ઝોનલ ઓફિસરની મિલ્કતની માહિતી સિવાયની માહિતી નિયત સમય અવધિ દિન–૩૦ ને બીજે દિવસ ેમોકલ્યાનું જણાય છે. જયારે મુદ્દા નં.૨.૯, ૨.૧૬ અને ૨.૧૮ માટે તેમના પત્ર નં.૧૭૭ તા.૨૦–૮–૦૯ થી કાયદાની કલમ–૬(૩) થી ઠરાવેલ દિન–૫ ની સમય અવધિ બાદ ઘણા વિલંબથી તબદીલ કર્યાનું જણાય છે. જે અંગેની માહિતી પણ અરજદારે તેઓને મળેલ નહીં હોવાનું અપીલમાં જણાવેલ છે.

જે પૈકી મુદ્દા નં.૨.૪, ૨.૯, ૨.૧૦ ની માહિતી જાહેર માહિતી અધિકારી તેઓની કક્ષાઓના ઉપલબ્ધ દફતરના આધારે આપી શકાય તે પ્રકારની જણાય છે. આરટીઆઈ એકટના આમુખમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાનો ઉદ્દેશ ચરિતાર્થ થયેલ છે તે જોતાં ફરજચૂકના કિસ્સામાં જવાબદારીની વિગતો તથા બજાવેલ ફરજની વિગતો રોજનીશી ઉપરથી પણ આપી શકાય. જયારે મુદ્દા નં.૨.૯ ની પાનકાર્ડ સિવાયની વિગતો કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ છે.

મુદ્દા નં.૨.૧૧ અને ૨.૧૨ અંગે અરજદાર સ્વયં માંગેલ માહિતી બાબતે સ્પષ્ટ જણાતા નથી. જેથી તે બાબતે વિવાદને કોઈ અવકાશ નથી.

જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૯–૮–૦૯ ના પત્ર અંગે અરજદારને ફી ભરવા કોઈ પત્ર લખાયેલો જણાતો નથી. આરટીઆઈ એકટની કલમ–૭(૧) સાથે ૭(૩) અને ૭(૬) વંચાણે લેતાં દિન–૩૦ ની સમય અવધિમાં માહિતી પૂરી પડાયેલ ન હોય તો વિના મૂલ્યે માહિતી આપવા પાત્ર થાય તેવી આદેશાત્મક જોગવાઈ છે.

અરજદારે અપીલ તબકકે પક્ષકાર તરીકે માત્ર જાહેર માહિતી અધિકારી વરાછાઝોન જણાવેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ફરીયાદની હકીકત ધ્યાને લેતાં પ્રસ્તુત કિસ્સામાં મુદ્દા નં. ૨.૧૧ અને ૨.૧૨ સિવાયની તથા તબદીલ કરેલ મુદ્દા નં.૨.૧૬ તથા ૨.૧૮ સિવાયની તમામ માહિતી દફતરી હકીકત ઉપલબ્ધ અનુસાર વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા તબદીલ થયેલ મુદ્દાઓની માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જન.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)/ ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ.... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કમલેશ એમ. ચોડવડીયા